# ગાંધીનગર કોર્ટ સંકુલમાં નોન જ્યુડિશ્યલ સ્ટેમ્પની ભારે તંગી : અરજદારો હેરાન-પરેશાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર કોર્ટ સંકુલમાં લાંબા સમયથી નોન જયુડિશ્યલ સ્ટેમ્પની ભારે અછત સર્જાઈ રહી છે. કોર્ટ સંકુલમાં જરૂરી સ્ટેમ્પની કમી હોવાથી કોર્ટમાં

**ગાંધીનગર કોર્ટ સંકુલમાં કહેવાતા સ્ટેમ્પ વેન્ડરો ગણીયા ગાંઠયા જ છે જ્યારે જૂની કલેક્ટર કચેરી ખાતે માત્ર છ જેટલા જ સ્ટેમ્પ વેન્ડરો કાર્યરત છે.**

● ● ●

**ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૧૯૯૧ પછી આજ દિન સુધી કોઈ પણ વ્યક્તિને સ્ટેમ્પ વેન્ડરનું લાયસન્સ આપવામાં આવ્યું નથી.**

કામકાજ અર્થે આવતા અરજદારો અસીલોને દરરોજ ભારે હાલાકી વેઠવાનો વારો આવે છે. સ્ટેમ્પની કમીને લઈ અસીલ અરજદારોના લાખો-કરોડોના દસ્તાવેજોના કામ અટકી પડે છે. તિજોરી વિભાગ પણ એક અઠવાડીયામાં માત્ર બે જ વાર સ્ટેમ્પનું વિતરણ વેન્ડરોને કરવામાં આવે છે જેથી કલાકોમાં જ સ્ટેમ્પ ખુટી પડે છે ત્યારે સ્ટેમ્પ ડયુટી વિભાગ આ મામલે ગંભીર બની તિજોરી વિભાગમાંથી દરરોજ વેન્ડરોને સ્ટેમ્પ આપે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર કોર્ટ સંકુલમાં ગણીયા ગાંઠયા સ્ટેમ્પ વેન્ડરો નોન જયુડિશ્યલ સ્ટેમ્પનું વેચાણ કરે છે ત્યારે લાંબા સમયથી રૂ. ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ના નોન જયુડિશ્યલ સ્ટેમ્પની ભારે અછત જોવા મળી રહી છે. ગાંધીનગર કોર્ટના તથા તિજોરી વિભાગ પાસે બેસતા સ્ટેમ્પ વેન્ડરોને તિજોરી વિભાગ દ્વારા અઠવાડીયામાં માત્ર બે જ વાર સ્ટેમ્પ આપવામાં આવે છે એટલે કે સોમવાર અને ગુરુવાર તથા એક સ્ટેમ્પ વેન્ડર એક વખતમાં માત્ર રૂ. ૭૦૦૦ના જ સ્ટેમ્પ લઈ શકે છે. પરિણામે કોર્ટ સંકુલમાં કોર્ટના કામકાજ અર્થે આવતા અસીલો-અરજદારોની સ્ટેમ્પ લેવા માટે લાંબી લાંબી લાઈનો જોવા મળે છે અને બપોર પડતા જ બધા સ્ટેમ્પ ખાલી થઈ જતા સ્ટેમ્પ વેન્ડરો બાકીના દિવસોમાં નવરા ધૂપ બનીને બેસી રહે છે. બીજી તરફ સ્ટેમ્પ ખુટી પડતા અરજદારોએ પોસ્ટ ઓફિસમાં સ્ટેમ્પ લેવા દોડવું પડે છે અને કલાકોની લાંબી મથામણ બાદ કયાંક એકાદ સ્ટેમ્પ હાથ લાગે છે. પરિણામે કોર્ટમાં લાખો કરોડોના દસ્તાવેજોના કામ અટકી પડે છે. આથી અરજદારો-અસીલો હેરાન પરેશાન બન્યા છે અને દરરોજ થતી સ્ટેમ્પની કમી માટે તિજોરી વિભાગ સ્ટેમ્પ ફાળવણીના દિવસોમાં વધારો કરે તે જરૂરી બન્યું છે.

સ્ટેમ્પ ડયુટી વિભાગ આ મામલે ગંભીર બની આ સમસ્યાનું સત્વરે નિરાકરણ લાવે તેવી અરજદારો માંગ કરી રહ્યા છે.

# નવા સચિવાલય સામે ખુલ્લેઆમ યુ.પી.-બિહારવાળી

## રૂપિયાની લેતીદેતીમાં ચાર શખ્સોએ મળીને છરી મારી, પંચ અને ડંડાથી ફટકારી બોરીજના યુવાનનું બાઈક સળગાવી નાંખ્યુ : ઘ-૨એ થયેલી બબાલ અધુરી રહી એટલે રાત્રે એસબીઆઈ મુખ્ય શાખા સામે જીવલેણ હુમલો કર્યો

ગાંધીનગર, તા. ૧૮

કલરકામ કરતા કારીગરો વચ્ચે ઘ-૬ સર્કલે રૂપિયાની લેતી-દેતીમાં ધિંગાણુ થયુ અને પોલીસ આવી જતા ટોળુ વિખેરાઈને ભાગી ગયુ હતુ. આ બબાલ અધુરી રહી એટલે ગઈ રાત્રે જ્યા મુખ્યમંત્રી કાર્યાલય છે તે નવા સચિવાલયના ગેટ નં. ૧ ની સામે જ ખુલ્લેઆમ આ તત્વોએ બિન્દાસ્ત રીતે યુપી-બિહારવાળી કરી દીધી હતી. જાહેરમાં બાઈક ઉભુ રખાવી યુવાનને છરી મારી પંચ અને ડંડા વડે ઢોર માર મારી બોરીજના યુવાન ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. ચાર હુમલાખોરોએ ધમાલ કર્યા બાદ તેનુ બાઈક સળગાવી નાંખી તેને મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે ઘાયલ યુવાનની ફરીયાદ લઈ બોરીજના જ ચાર શખ્સો સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

બોરીજ ગામમાં રહેતા મુળ ઉત્તરપ્રદેશના યુવાનો કલરકામના કારીગરો છે. આ કારીગરો વચ્ચે અંદરોઅંદર હાથ ઉછીના રૂ. ૪૦ હજારની લેવડદેવડ થઈ હતી તેની ઉઘરાણી બાબતે એક દિવસ પહેલા જ ઘ-૬ સર્કલ પાસે ધિંગાણુ થયુ હતુ. ૨૫ થી ૩૦ તત્વોનું ટોળુ હથિયારો લઈને રોડ ઉપર ઉતરી આવ્યુ હતુ અને ધમાલ શરૂ કરી હતી જો કે પોલીસ આવી જતા તમામ ભાગી ગયા હતા. ગઈ રાત્રે આ જ બાબતે નવા સચિવાલય ગેટ નં. ૧ ની સામે એસબીઆઈ મુખ્ય શાખા બહાર બોરીજના યુવાન પર જીવલેણ હુમલો થવા પામ્યો હતો. મુળ યુ.પી.નો અને હાલ બોરીજમાં રહેતો સોનુ પ્રકાશ યાદવ અને સોહેદસિંગ બાઈક ઉપર નવા સચિવાલય રોડ પરથી ગઈ રાત્રે ૧૦ વાગ્યે જઈ રહ્યા હતા ત્યારે બે બાઈક ઉપર બોરીજના જ કલરકામ કરતા કારીગરો સંદિપ યાદવ, રિન્કુ યાદવ, દીપી યાદવ અને બોબી યાદવ તેમની પાસે આવ્યા હતા. સોનુનુ બાઈક ઉભુ રખાવી ચારેય તત્વોએ તેને ઘેરી લીધો હતો. ગાળાગાળી શરૂ કરીને ગદડાપાટુનો માર મારી સાલે કો માર ડાલો... બુમ પાડી સંદિપ યાદવે છરી નિકાળી હતી અને છરીના ઘા ઝીંકી દીધા હતા. બિપીન યાદવે ડંડો કાઢીને અને રિન્કુ યાદવે હાથમાં લોખંડનો પંચ પહેરી પંચ વડે જીવલેણ હુમલો કર્યો હતો. એક બાજુ સોનુને લોહીલુહાણ કરી બોબી યાદવે પેટ્રોલ ભરેલી બોટલ કાઢી અને તેના બાઈક ઉપર પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી દઈ ખુલ્લેઆમ બાઈક સળગાવી માર્યુ હતુ. આ ધમાલ કરી ચારેય તત્વો ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે સોનુની ફરિયાદ આધારે બોરીજના ચાર શખ્સો સામે ગુનો નોંધી પીઆઈ જે.ડી. મેવાડાએ તપાસ શરૂ કરી છે.

## સુઘડ કેનાલમાંથી બિનવારસી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલ પાસેથી પસાર થયેલા મહોતજી ચંદુજી ઠાકોરની કેનાલમાં તરી રહેલા બિનવારસી આધેડના મૃતદેહ ઉપર નજર પડી હતી. સવારે મહોતજીએ આ મૃતદેહ અંગે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા એની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી તેની ઓળખ માટે કવાયત શરુ કરી છે. મૃતકના શરીરે કાળી ઉભી લીટી વાળો સફેદ શર્ટ અને કાળુ પેન્ટ પહેરેલું છે.

# કર્ણાટકમાં રાજ્યપાલનો નિર્ણય લાંછનરૂપ ગણાવી ગાંધીનગર કોંગ્રેસનો વિરોધ

ગાંધીનગર, તા. ૧૮

કર્ણાટકમાં સત્તા મેવવા માટે ભાજપ અને કોંગ્રેસ પક્ષ વચ્ચે જોરદાર રાજકીય કાવાદાવા થઈ રહ્યા છે. ભાજપને કર્ણાટકના એ પહેલા જ પોલીસ પુતળુ આંચકી લીધુ હતુ.

કર્ણાટકની રાજનીતિમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થતા ભાજપ કર્ણાટક વિધાનસભામાં લાંછનરૂપ નિર્ણયના વિરોધમાં આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસે દેખાવો યોજયા હતા. કોંગ્રેસ નેતા મધુસુદન મિસ્ત્રી, નિશિત વ્યાસ




કર્ણાટકની રાજકીય ઘટનાઓ અને યદીરૂપ્પાની સરકાર રચવાના નિર્ણય સામે વિરોધ પ્રદર્શિત કરવા આજે ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે સાંસદ મધુસુદન મિસ્ત્રી, પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નીશીત વ્યાસ, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જિલ્લા પંચાયતના સદસ્યો, મનપાના કાઉન્સીલરો, જુદી જુદી પાંખના અગ્રણીઓ, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર, શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચર, સહકારી અગ્રણી પરેશ પટેલ, મુકેશ પટેલ સહિતના આગેવાનો જોડાયા હતા.

રાજ્યપાલ વજુભાઈએ સરકાર બનાવવા આમંત્રણ આપતા કોંગ્રેસ પક્ષમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર કોંગ્રેસ દ્વારા પણ કર્ણાટક વિધાનસભામાં લાંછનરૂપ નિર્ણયના વિરોધમાં દેખાવો કરી પુતળા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોંગ્રેસી કાર્યકરો પુતળા દહન કરે અને કોંગ્રેસ પક્ષ બન્ને સરકાર બનાવવા દાવાઓ ઠોકી રહ્યા છે. ત્યારે રાજયપાલ વજુભાઈએ ૧૦૪ સીટ ધરાવતી ભાજપને સરકાર બનાવવા આમંત્રણ આપ્યા બાદ આને રોકવા માટે સુપ્રિમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા પરંતુ કોંગ્રેસને નિરાશા સાંપડી હતી. આ પ્રકારના રાજ્યપાલના સહિતના કોંગ્રેસી કાર્યકરોએ સેક્ટર-૨૨ કોંગ્રેસ કાર્યાલયથી દેખાવો કર્યા હતા અને પુતળાદહનનો કાર્યક્રમ કર્યો હતો. સમય સૂચકતા સાથે પોલીસે પુતળુ આંચકી લિધુ હતુ અને પુતળુ દહન કરતા અટકાવ્યુ હતુ. આ દેખાવોમાં કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# નેશનલ રોલર મ્યુઝિકલ ચેયરમાં ગુજરાતી છવાયા

નેશનલ રોલર મ્યુઝિકલ ચેયર એન્ડ સ્પીડ સ્કેટીંગ ટુર્નામેન્ટનું આયોજન હાલમાં જ ૧૧મી મેથી ૧૩મી મે દરમિયાન નાગપુરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાંથી ૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાતના ખેલાડીઓએ આ ચેમ્પિયનશીપમાં જોરદાર દેખાવ કરીને પ્રથમ સ્થાન મેળવવામાં સફળતા મેળવી હતી. એકંદરે ૧૯૩ મેડલ જીતવામાં ગુજરાતના ખેલાડીઓ સફળ રહ્યા હતા. ૮, ૧૧, ૧૪, ૧૭, ૧૯ અને ૧૯થી ઉપરની વયના યુવક-યુવતીઓ માટે સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં દરેક કેટેગરી માટે ચાર ઈવેન્ટનો સમાવેશ કરાયો હતો. જેમાં સ્પીડ સ્કેટીંગ, મ્યુઝિકલ ચેયર, ફ્રી સ્ટાઈલ મ્યુઝિકલ ચેયર સ્કેટીંગનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી કેટલીક યુવતીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં માન્યા ગુપ્તાનો સમાવેશ થાય છે. માન્યાએ દરેક કેટેગરીમાં ચાર ગોલ્ડ જીત્યા હતા. માન્યાએ અંડર-૮ કેટેગરીમાં સુવર્ણ મેળવ્યો હતો. રાજ્ય ચેમ્પિયનશીપમાં પણ તેનો દેખાવો આવો જ રહ્યો હતો. પ્રિયા પટેલ, ધનેશા અરોરાએ પણ જોરદાર દેખાવ કર્યો હતો. આ તમામ ખેલાડીઓને ભાવિન મહેતા અને તેમની ટીમ તરફથી તૈયાર કરવામાં આવ્યા હતા. વિજેતા ખેલાડીઓ હવે દુબઈમાં ઓગસ્ટમાં યોજનાર ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેશે.

# તલાટીઓએ હવે પંચાયતની કચેરીમાં તેમની મુવમેન્ટ અંગે રજીસ્ટર નિભાવવું પડશે

## તલાટીઓ ગ્રામ્ય સ્તરે નિયમિત હાજર રહે તે માટે નવી સૂચનાઓ સાથે તંત્રને કડક તાકીદ

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તલાટીઓની હાજરી નિયમિત રહે તે સુનિશ્ચિત કરવા અંગે રાજ્ય સરકારે ખાસ માર્ગદર્શન સૂચનાઓ જારી કરી છે.

નવી સૂચનાઓમાં તલાટીકમ મંત્રી દ્વારા હવે પંચાયત કચેરીમાં જ પોતાનુ મુવમેન્ટ રજીસ્ટર ફરજીયાત રીતે નિભાવવાનું રહેશે. આ ઉપરાંત એક કરતાં વધુ ગામનો ચાર્જ હોય તો કયા ગામે કયા દિવસે મળશે તેનુ બોર્ડ પણ પંચાયત કચેરીમાં દૃશ્યમાન થાય તે રીતે લગાવવાનું રહેશે.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તલાટી કમ મંત્રીના સંવર્ગમાં જેટલી ઘટ હોય તેટલી જ ઘટ તમામ તાલુકામાં સપ્રમાણ જળવાય તે રીતે ફાળવણી કરવાની રહેશે તેમજ કોઈ ખાસ કિસ્સા સિવાય કોઈપણ તાલુકામાં તલાટીકમ મંત્રીને લીવ રિઝર્વ જગ્યા ફાળવવાની રહેશે નહિ.

આ ઉપરાંત જે ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વી.સી.ઈ.ની જગ્યા ખાલી હોય તેવા ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ઈ-ગ્રામ પોર્ટલ પર તલાટી કમ મંત્રી દ્વારા દરરોજ ફરજીયાતપણે લોગીઈન કરવામાં આવે તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં ૪૦થી પણ વધુ તલાટીની જગ્યાઓ ખાલી છે તેમજ ઘણા બધા તાલુકામાં ઘટ જોવા મળી રહી છે અને વય નિવૃત્તિને કારણે પણ જગ્યાઓ ખાલી પડી છે. સરકારે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં આ સૂચનાઓનો કડક અમલ કરવા તાકીદ પણ કરી છે. એટલે જિલ્લામાં ટુંક જ સમયમાં તલાટીઓની બદલીનો ગંજીફો ચીપાશે તેમ મનાઈ રહ્યુ છે.

# પાટણ હેમચંદ્રાચાર્ય યુનિ.એ મહેશ કનોડિયાને ડૉકટરેટની માનદ્ પદવી એનાયત કરી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતી ફિલ્મ જગતના ગીત-સંગીતના મહારથી અને પૂર્વ સાંસદ મહેશ કનોડિયાને સન્માનપૂર્વક સ્થાપના થયેલ પાટણ યુનિવર્સિટીનો તાજેતરમાં ૩૨મો સ્થાપના દિન મનાવવામાં આવ્યો હતો.

સ્થાપના દિનની ઉજવણીના આ સન્માન આપવામાં આવ્યું છે. નરેશ-મહેશ કનોડિયાની જોડી આજે પણ ગુજરાતીઓના હૃદયમાં વશે છે. ઉપરાંત મહેશ કનોડિયાએ



ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષ શિતાંશુ યશેશચંદ્ર મહેતાની ઉપસ્થિતિમાં પાટણ હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.એ ડૉક્ટરેટની પદવી આપવામાં આવી હતી. ઉત્તર ગુજરાતના શિક્ષણધામ તરીકે જ્ઞાનના ભંડાર હેમચંદ્રાચાર્ય મુનિના નામે ઉપલક્ષમાં યુનિવર્સિટીએ આજે ગુજરાતી ફિલ્મના ગીત-સંગીતના શ્રેષ્ઠી એવા મહેશ કનોડિયાને ડૉકટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. મહેશ કનોડિયાને તેમના ગુજરાતી ફિલ્મમાં આપેલા યોગદાન બદલ પાટણ સાંસદ તરીકે પાટણનુ પ્રતિનિધિત્વ પણ કર્યુ છે. આ પદવીદાન સમારંભમાં મહેશ કનોડિયાના નાના ભાઈ નરેશ કનોડિયા અને ધારાસભ્ય હિતુ કનોડિયા ઉપરાંત યુનિવર્સિટીના કુલપતિ ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૧ ગાયત્રી શકિતપીઠ દ્વારા રોગ નિદાન કેમ્પનું આયોજન

ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ગાંધીનગર દ્વારા સુજોક ઉપચાર પધ્ધતિથી રોગ નિદાન શિબિરનું નિઃશુલ્ક આયોજન તા. ૨૧ થી ૨૫ મે દરમિયાન સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સેકટર-૧ ગાયત્રી મંદિર ખાતે કરવામાં આવેલ છે. આ નિદાન કેમ્પમાં તબિબિ સેવા ડો. જયેન્દ્ર પટેલ દ્વારા પુરી પાડવામાં આવશે. શિબિરમાં રોગ નિદાન કરાવવા ઈચ્છુક દર્દીઓએ પોતાના નામ નંબર સાથે ગાયત્રી શકિતપીઠના સ્ટોર કાઉન્ટર પર નોંધાવવા જણાવાયું છે.

# પાણીના દુકાળને ભૂતકાળ બનાવી દેવાની યોજના છે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જળસંચયના જે પણ સ્ત્રોત છે તે તમામ સ્ત્રોતની જળસંગ્રહ ક્ષમતા વધારવા દેશભરમાં પહેલરૂપ સુજલામ સુફલામ જળ અભિયાન ગુજરાતે ઉપાડ્યું છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ઝારોલા ગામે તળાવ ઊંડુ કરવાના શ્રમયજ્ઞમાં જોડાયેલા મુખ્યમંત્રીએ એવો નિર્ધાર પણ વ્યક્ત કર્યો કે, આ અભિયાનથી પાણીના દુકાળને ભૂતકાળ બનાવી ભાવિ પેઢીને દુકાળની ખબર જ ન પડે તેવો સમૃદ્ધ વારસો આપીને દુકાળને ભાવિ પેઢી માટે દંતકથા બનાવી દેવો છે. મુખ્યમંત્રીએ ગુજરાતની ધરતી અનિયમિત વરસાદને કારણે અતૃપ્ત રહે છે ત્યારે આ સૂકી ધરાને તૃપ્ત કરીને તેને નવપલ્લવિત કરવાના આ ભગીરથ કાર્યમાં જનતા જનાર્દને પોતાનું અભિયાન બનાવ્યું હોવાનો ઉલ્લેખ કરી આ અભિયાન ભાવિ પેઢીનું નિર્માણ કરવાનું અભિયાન બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પાણી એ પ્રભુનો પ્રસાદ છે ત્યારે તેનો સદઉપયોગ કરી પાણીના ટીપે-ટીપાંને ભેગું કરી સાગર બનાવવાનું આહવાન કરતાં વિજય રૂપાણીએ કોઈપણ જાતિ, જ્ઞાતિ કે ધર્મથી પર રહીને આ અભિયાનમાં જોતરાઈ રહ્યા છે.

# સિવિલના ઈ, એફ અને જી બ્લોકનું મજબુતીકરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા દોઢ દાયકામાં બનાવેલી બિલ્ડીંગ ઈ,એફ અને જી જર્જરીત હાલતમાં છે. હાલના સમયે આ ઈમારત ખાલીખમ રહેલી છે. તંત્ર દ્વારા તેને તોડી પાડીને તે સ્થાને નવી ઈમારત ઉભી કરવાની તૈયારીમાં તંત્ર હતું. પરંતુ તાજેતરમાં ટ્રોમાં સેન્ટર બનાવવાનું છે તે સ્થળની ચકાસણી માટે આવેલા ડે.સીએમ નિતિનભાઈ પટેલ દ્વારા તે ઈમારતનું મજબુતી કરણ કરવાનું જણાવતા તેની કામગીરી હાથ ધરાશે. ત્યારબાદ આ ઈમારતમાં વોર્ડ તેમજ આરોગ્યની ઓફીસ શરુ કરવામાં આવશે.

પાટનગર મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં ઈ,એફ અને જી બ્લોક જુના અને જર્જરીત હાલતમાં છે. આરોગ્ય વિભાગની જ એજન્સી દ્વારા તેને અનફીટનું સર્ટીફિકેટ આપવામાં આવ્યું હતું. સિવિલ તંત્ર દ્વારા તેને તોડી પાડવાનો પ્લાન હતો અને ત્યાં નવી બિલ્ડીંગ બનાવાની વાત હતી. પરંતુ તાજેતરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ માટે બે નવી ઈમારતો ઉભી કરવાની હોવાથી તેની સ્થળ તપાસણી માટે આવેલા ડે.સીએમ નિતિનભાઈ પટેલ દ્વારા આ પ્લાનને મંજુરી મળી નથી. અને જુના અને જર્જરીત આ ત્રણ બ્લોકનું મજબુતીકરણ કરવા માટે સ્પષ્ટ સુચના આપી છે. જેને પગલે હવે આગામી દિવસોમાં નવ માળની સુપર સ્પેશ્યાલીસ્ટી હોસ્પિટલ અને ટ્રોમાં સેન્ટર બને તે પહેલા અહીં રીનોવેશનની સહિતના કામો પણ હાથ ધરવામાં આવશે. એટલું જ નહીં, સિવિલમાં ખુટતા વોર્ડ અને અન્ય વિભાગો પણ અહીં ખસેડવામા આવે તો નવાઈ નહીં. ઉલ્લેખનીય છે કે હાલની સ્થિતિમાં આ અનફીટ બિલ્ડીંગ છે ત્યારે પડવાના વાંકે ઉભુ રહેલી આ ઈમારતમાં હાલની સ્થિતિએ પણ કચેરી તેમજ ટીબી સહિતના કેટલાક વિભાગો ચાલુ છે.

# ધોરણ-૧૦નું પરિણામ ઉંચુ લઈ જવા ગ્રેસીંગ મળી શકે

ગાંધીનગર,તા. ૧૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની લાખો વિદ્યાર્થીઓ રાહ જોઈ રહ્યા છે. જો કે, ધોરણ-૧૦ના આગામી સપ્તાહે જાહેર થનારા પરિણામ પહેલાં ગણિત વિષયનું પરિણામ નબળું હોવાના સંકેતો સાંપડી રહ્યા છે. ચાલુ વર્ષે ધોરણ-૧૦ના ગણિત વિષયના પેપરે વિદ્યાર્થીઓ અને વાલીઓને રડાવ્યા હતા અને તેથી ગણિતામાં નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હોવાનું મનાઈ રહ્યું છે. આ સંજોગોમાં ધોરણ-૧૦ નું પરિણામ એકંદરે નબળુ ના પડે અને વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓમાં આઘાતની લાગણી ના પ્રસરે તે હેતુથી બોર્ડ સત્તાવાળાઓ દ્વારા ગણિતના વિષયમાં ૬૫ ટકા સુધી પરિણામ પહોંચાડવા માટે સરેરાશ ૧૨ માર્ક્સનું ગ્રેસીંગ અપાય તેવી શકયતા સેવાઈ રહી છે. બોર્ડ સત્તાવાળાઓનો આ પ્રકારનો નિર્ણય એક પ્રકારે ધોરણ-૧૦ના વિદ્યાર્થી અને વાલીઓ માટે બહુ મોટી રાહત આપનારો નિર્ણય કહી શકાય. ગત વર્ષે ધોરણ-૧૦નું પરિણામ ૬૮.૨૪ ટકા જાહેર થયું હતું. આ વર્ષે ગણિતમાં સરેરાશ પરિણામ ઓછું હોવાનું મનાઈ રહ્યું છે કારણ કે, આ વર્ષે ગણિતના અઘરા પેપરે વિદ્યાર્થીઓ અને વાલીઓને રીતસરના રડાવી દીધા હતા. છેલ્લાં ત્રણ વર્ષથી અંદાજે ચાર લાખ વિદ્યાર્થીઓ ગણિતમાં નાપાસ થઈ રહ્યા છે. ૨૦૧૨માં ગણિતમાં ૭૧.૮૧ ટકા, ૨૦૧૩માં ૭૧.૧૧ ટકા, ૨૦૧૪માં ૭૧.૧૧ ટકા, ૨૦૧૫માં ૭૨.૬૩ ટકા, ૨૦૧૬માં ૫૫.૦૫ ટકા અને ૨૦૧૭માં ૬૯.૨૬ ટકા વિદ્યાર્થીઓ ગણિતમાં પાસ થયા હતા. આ વર્ષે ગણિતનું પ્રશ્નપત્ર અઘરું હતું અને તેથી તેની સીધી અસર ધોરણ-૧૦ના બોર્ડના પરિણામ પર પડે તે સ્વાભાવિક છે. આ અંગે બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી તરીકે કાર્યરત એમ. એસ. પઠાણે જણાવ્યું હતું કે ગણિતમાં વિદ્યાર્થીઓનો પાયો નબળો પડી રહ્યો છે. રાજયમાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને નાપાસ નહીં કરવાની નીતિ અમલમાં છે. તેઓ બોર્ડની પરીક્ષા આપવા સુધી પાસ થતા રહે છે, જેથી ધો.૧૦ સુધીની પરીક્ષા સુધીનો તેમનો પાયો નબળો રહે છે. ગત વર્ષે પણ ધોરણ-૧૦માં ૧૨ ટકા જેટલા ગ્રેસિંગ માર્ક્સ અપાયા હતા. પરિણામ પૂર્ણરૂપે તૈયાર થયા બાદ સરકાર લેવલે પોલીસી મેટરના ભાગરૂપે ગ્રેસિંગ માર્ક્સ નક્કી થાય છે, કોઈ વિદ્યાર્થી ૫ વિષયમાં પાસ થતો હોય અને એક વિષયમાં નાપાસ થતો હોય તો તેને ગ્રેસિંગ માર્ક્સ અપાય છે એવી જ રીતે મોટા ભાગે આ વર્ષે ગણિતના પેપરમાં ગ્રેસિંગ માર્ક્સ અપાશે.

# બુધવારે ચ-૦ થી કોબા સર્કલ સુધીનો માર્ગ પ્લાસ્ટિક કચરાથી મુક્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૮

પ્લાસ્ટિકનો કચરો પર્યાવરણ માટે ખતરારૂપ છે અને ગાંધીનગરના માર્ગો પર પ્લાસ્ટિક કચરો મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યોં છે. દર વર્ષે ૫ મી જુને ઉજવાતા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી માટે આ વર્ષે ભારતે યજમાનપદ લીધુ છે અને આ વર્ષની થીમ 'બીટીંગ ધ પ્લાસ્ટિક' રાખવામાં આવી છે જેનો મતલબ 'પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ મેળવીએ' થાય છે. ગાંધીનગરની નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આગામી તા. ૨૩મી મે બુધવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની આગોતરી ઉજવણીના ભાગરૂપે 'પ્લાસ્ટિક કચરો ઉપાડવાના અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પર્યાવરણીય દિવસોની ઉજવણી અને વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો કરવામાં આવે છે. આજે સમગ્ર વિશ્વ પર્યાવરણના પ્રદૂષણને કારણે ક્લાઈમેટ ચેન્જ તથા ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાનો ભોગ બની રહ્યું છે ત્યારે જનજાગૃતિના હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આગામી તા. ૨૩મી જુન બુધવારે સવારે ૭ થી ૯ કલાક દરમ્યાન ગાંધીનગરના ચ-૦ સર્કલથી કોબા સર્કલ સુધીના મુખ્ય માર્ગ આસપાસ ફેલાયેલ પ્લાસ્ટિક કચરો દૂર કરવાનું બીડુ ઝડપવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના આરઓ ડી.સી. વાંકાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, જીપીસીબીના પૂર્વ પીઆરઓ તથા સામાજિક અગ્રણી નરેશ ઠાકર, આત્મન ફાઉન્ડેશનના સંચાલક પ્રજ્ઞાબેન પટેલ તેમજ હેપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ચ-૦ થી કોબા સર્કલ સુધીના માર્ગે બંને તરફ ફેલાયેલ પ્લાસ્ટિક કચરાને ઉપાડી લેવામાં આવશે. આ કાર્યમાં શહેરની વિવિધ સ્વૈચ્છિક સેવાભાવી સામાજિક અને પર્યાવરણીય સંસ્થાના સ્વયંસેવકો પણ જોડાશે.

## શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પર્યાવરણપ્રેમીઓ જોડાઈ શકશે

'પ્લાસ્ટિક કચરો ઉપાડવાના અભિયાન'માં જોડાનાર તમામ સ્વયંસેવકોને સંસ્થા દ્વારા હાથ-મોજાં, માસ્ક તથા કચરો એકત્ર કરવાની બેગની સુવિધા પુરી પડાશે. આ અભિયાનમાં જોડાવા માંગતી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ પર્યાવરણપ્રેમીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે રૂબરૂ અથવા કો ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણાનો ૯૪૨૬૪૫૧૧૦૨ અથવા શિવાંગ પટેલનો ૭૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

**(રાજ્ય સરકારને મળેલ સત્તા અન્વયે પ્રસિદ્ધ કરવાના કલમ-૧૧ના જાહેરનામાનો મુસદ્દો)**

**ગુજરાત સરકાર**

**મહેસુલ વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)**

જીલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ/૨૦૧૮/૩૬૮/મ/જગધ/૨૦૧૫/૯૨૩/ચ તા. ૩/૫/૨૦૧૮

રાજ્ય સરકારને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ સાંકળ ૧૬૯.૩૦૦ થી ૧૭૧.૩૦૦ કી.મી. વચ્ચેની' કરવા જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર નિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨ હેઠળ ધ્યાને લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યુ હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સરદહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃ વસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગર સમક્ષ રજૂ કરી શકાશે.

**અનુસૂચિ**

**જીલ્લો : ગાંધીનગર** **તા. : માણસા** **ગામ : લોદરા**

| અ. નં. | ગામનું નામ | જુના સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | લોદરા | ૪૮૫/૧ | ૦-૧૪-૪૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે
ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૯૨/૨૦૧૮

**સહી/-**
**સરકારના ઉપસચિવ**